**આંક:–૧૫**

**ના.પેમેન્ટ ઓફ વેજીસ ઓથોરીટી સાહેબશ્રી, મજુર અદાલત નં.૫, મુ. અમદાવાદ સમક્ષ**

**અરજદાર :–** **દુવાકુમારસિંહ વિરેન્દ્રકુમાર,**
C/o:– ગુજરાત મઝદુર મંચ,
ઠે.૫/સી, જય અંબે સોસાયટી, ગીતા સ્કુલ પાસે,
ભાર્ગવ રોડ, કુબેરનગર, અમદાવાદ
કામદારનું સરનામુ:– પીપલજ, નારોલ, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** મેનેજરશ્રી/માલીકશ્રી,
રાજેશ્રી ટેક્ષટાઈલ્સ મીલ, ઠે. સીકંદર માર્કેટ, રજઈવાળાની બાજુમાં,
ચંડોળા તળાવ પાસે, શાહઆલમ, અમદાવાદ.

વિષય :– પેમેન્ટ ઓફ વેજીસ એકટની કલમ–૧૫(૨) મુજબ અરજી.

અરજદાર તરફે :– વિ. પ્રતિ. શ્રી ડી.બી.રાજપૂત.
સામાવાળા તરફે :– વિ. વકીલશ્રી એસ.કે.કાઝી.

**–: હુકમ :–**

આ કામે અરજદારનાં પ્રતિનિધીની સહીથી **આંક:–૧૪** થી વિડ્રો પુરસીસ રજૂ કરી અરજદાર/બી.પ.નાં હકકો અધિકારોની તકરારોને બાધ ન આવે તે રીતે ફરી ફાઈલ કરવાની શરતે સદરહુ કેસ પાછો ખેંચવાની પરવાનગી માંગેલ છે. સદર પુરસીસ કાયદાકીય જોગવાઈને આધીન, કાયદા મુજબની સમય માર્યાદામાં ફરી કેસ ફાઈલ કરી શકશે એવા હુકમ સાથે રેકોર્ડેડ કરવામાં આવેલ છે. આમ, વિડ્રો પુરસીસની વિગતે અરજદારને આ કેસ કાયદાકીય જોગવાઈને આધીન, કાયદા મુજબની સમયમર્યાદામાં ફરી ફાઈલ કરી શકાશે એવા હુકમ સાથે પરત ખેંચવા માટેની પરવાનગી આપતો હુકમ કરવામાં આવે છે અને તે આધારે આજ રોજ "**નેશનલ લોકઅદાલત**" માં સદર કેસ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

સ્થળ:–અમદાવાદ
તારીખ:૨૨/૦૬/૨૦૨૪

પ્રદીપકુમાર વસંતલાલ ધીમર
ઓથોરીટી,પેમેન્ટ ઓફ વેજીસ,
લેબર કોર્ટ નં.૫, અમદાવાદ.
જજ કોડ:જીજે૦૧૪૮૮